આકાશવાણી, અમદાવાદ

02-10-2025 Midday: 2.30 TO 2.35

Thursday Regional News

## RAJNATH SINH BHUJ VISIT

દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે ભુજ ખાતેના મિલેટ્રી સ્ટેશનમાં શસ્ત્રપૂજન સમારોહમાં ઉપસ્થિત રહી શસ્ત્રપૂજન કર્યું. દશેરા નિમિત્તે આયોજીત આ કાર્યક્રમમાં તેમણે જવાનોને સંબોધન પણ કર્યું. તેમણે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, જો પાકિસ્તાન સિરક્રીક ક્ષેત્રમાં કોઈ પણ ગતિવિધી કરવાની હિંમત કરશે, તો તેને નિર્ણાયક જવાબ મળશે.

સંરક્ષણમંત્રીએ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા કહ્યુ કે ઓપરેશન સિંદૂર દરમિયાન, પાકિસ્તાને લેહથી સિરક્રીક સુધીની ભારતની સંરક્ષણ પ્રણાલીમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે નિષ્ફળ સાબીત થયો. જવાબમાં, ભારતીય સેનાએ પાકિસ્તાની હવાઈ સંરક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે ખુલ્લી પાડી દીધી અને ભારતીય સેનાએ વિશ્વને એ સંદેશ પણ આપી દીધો કે તેઓ જ્યારે અને જ્યાં ઈચ્છે ત્યાં પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે સંરક્ષણમંત્રી રાજનાથસિંહ ભુજમાં મિલિટરી સ્ટેશનમાં રાવણ દહન કર્યુ હતું અને જવાનો સાથે ભોજન પણ લીધું હતું. ઓપરેશન સિંદૂરમાં ભૂમિકા ભજવનાર જવાનોનું તેમણે સન્માન પણ કર્યું હતું.

આજે સંરક્ષણ મંત્રી લક્કીનાળા ખાતે શસ્ત્ર પૂજન કરી સુરક્ષા કવાયત નિહાળવાના હતા પરંતુ ખરાબ હવામાનના કારણે તેમનો આ કાર્યક્રમ સ્થગિત રહ્યો હતો.

. . . . .

## GANDHI JAYANTI

પૂજ્ય મહાત્મા ગાંધીજીની આજે 156મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગરમાં વિધાનસભા પરિસરમાં સ્થિત ગાંધીજીની પ્રતિમા તેમજ ગૃહમાં તેમના તૈલચિત્ર સમક્ષ કૃષિ મંત્રી રાઘવજી પટેલ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા તેમજ ગાંધીનગરના મેયર મીરાબેન પટેલે પુષ્પાંજલિ અર્પણ કરી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે સફાઈ કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા. આ ઉપરાંત સ્વચ્છતા હી સેવા અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં વિજેતાને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરાયા હતા. દરમિયાન પાટણ ખાતે ગાંધી જયંતી નિમિત્તે રાજકીય પક્ષો સહિત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરાઈ.

. . . . . .

## CM PORBANDAR

મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર કિર્તી મંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પી. આ દરમિયાન તેઓ સર્વ ધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થયા. આ પ્રસંગે તેમણે જણાવ્યુ, મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને દેશને આઝાદી અપાવી.

શ્રી પટેલે પ્રવાસીઓને કીર્તિ મંદિર અને મહાત્મા ગાંધીજીના જીવન વિશે માહિતી મળે તે માટે ક્યુ આર કોડનું વિમોચન પણ કર્યું હતું.

. . . . .

## ARVALLI SWACHHTA

અરવલ્લી જિલ્લામાં ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ નજીક સેવા અંતર્ગત સાફ સફાઈ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટર, નગર પાલિકા પ્રમુખ સહિત અન્ય મહાનુભાવો જોડાયા હતા.

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં સ્વચ્છતા હી સેવા અભિયાનમાં દરિયા કાંઠે સફાઈ અભિયાનમાં નમો પથ દેવકા થી નાની દમણ સમુદ્ર નારાયણ મંદિર સુધી 5 કિલોમીટર વિસ્તારમાં સફાઈ કરવામાં આવી

. . . . .

## VAV-THARAD DISTRICT

રાજ્યનો નવો જિલ્લો વાવ-થરાદ આજથી સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે થરાદ ખાતે જિલ્લા કલેક્ટર કચેરીનો આજે વિધિવત શુભારંભ કરાવ્યો. આ સાથે, વાવ થરાદ જિલ્લાના નવા ચાર નવા તાલુકાઓ—ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે.

થરાદ ખાતે નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓ આજે અસ્તિત્વમાં આવી છે.

. . . . .

## TEST SERIES - IND VS WI

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે આજે ભારત-વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે પ્રથમ ટેસ્ટમાં ભારતે શાનદાર શરૂઆત કરી છે. વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

વેસ્ટ ઈન્ડિઝ ટીમની પ્રથમ ઈનિંગ્સ 162 રનમાં સમેટાઈ, મોહમ્મદ સિરાજે ચાર, જસપ્રિત બુમરાહે ત્રણ વિકેટ લીધી હતી.

હાલ મળતાં સમાચાર મુજબ ભારતીય ટીમે વિના વિકેટે 5 રન કર્યાં

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે શ્રેણીની બીજી ટેસ્ટ 10 ઓક્ટોબરથી દિલ્હીમાં રમાશે

. . . . .